# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GNR PANCHAYATI RAJ WORKSHOP

ગાંધીનગરમાં ગુજરાત વિધાનસભા ખાતે પંચાયતીરાજ અંગે એક દિવસની કાર્યશાળાનું આયોજન કરાયું છે. ગ્રામ વિકાસ અને પંચાયત વિભાગના સંયુક્ત સહકારથી યોજાયેલી આ કાર્યશાળામાં લોકસભા-રાજ્યસભાથી લઈ ગ્રામ પંચાયત સુધી સંવાદ અને નિયમોની સમજ પર ભાર અપાશે. દરમિયાન જનપ્રતિનિધિઓને પંચાયતીરાજના નિયમ અને જવાબદારી અંગે માર્ગદર્શન અપાશે તેમ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું.

**(BYTE: SHANKAR CHAUDHARI, SPEAKER, GUJARAT ASSEMBLY)**

*દેશની સૌથી મોટી પંચાયત એટલે લોકસભા , રાજ્યસભા અને નાનું યુનિટ એટલે ગ્રામ પંચાયત. દરેક જગ્યાએ સંવાદની પ્રક્રિયા પણ રહે , નિયમોની જાણકારી અને પ્રજા કલ્યાણ માટે , બીજાના ભલા માટે જીવવાનો જ્યારે સંકલ્પ કરી અને જનપ્રતિનિધિ જ્યારે શપથ લેતા હોય , તેમને નિયમોની પણ જાણકારી હોય , ઉદ્દેશ્યની પણ જાણકારી થાય અને હજુ વધારે કામ કરવાની કાર્યપદ્ધતિની અંદર કઈ રીતે સારો બદલાવ લાવી અને શ્રેષ્ઠ કઈ રીતે કરી શકાય તેનું વિવિધ નિષ્ણાતો, તજજ્ઞો દ્વારા આ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.*

# NAYDU AHMEDABAD AIRPORT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામ મોહન નાયડુ આજે સાંજે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર 'હબ એન્ડ સ્પોક ' આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન સેવાનો પ્રારંભ કરાવશે. એર ઇન્ડિયા દ્વારા ફ્લાઇટ AI1121 તરીકે સંચાલિત પ્રારંભિક ઇઝી કનેક્ટ સેવા અમદાવાદથી રવાના થશે , જે મુસાફરોને દિલ્હી થઈને અનેક વૈશ્વિક સ્થળોએ જોડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ પહેલ સરકારના વ્યાપક હબ-એન્ડ-સ્પોક માળખાનો એક ભાગ છે જેનો હેતુ નોન-મેટ્રો શહેરોથી આવતા મુસાફરો માટે આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરીને સરળ બનાવવાનો છે. આ સુવિધા દેશના 44 હવાઇમથકને એક સંકલિત હબ-એન્ડ-સ્પોક ગ્રીડમાં એકીકૃત કરવાની વ્યાપક યોજના છે.

# VIDHANSABHA SESSION

રાજ્યની વિધાનસભાનું સત્ર હવે 9મી સપ્ટેમ્બરે યોજાશે. રાજ્યપાલ દ્વારા ગુજરાત વિધાનસભાના નવમા સત્રને તારીખ 8મી સપ્ટેમ્બરના રોજ મળવા આહવાન કરાયું હતું. તેમાં ફેરફાર કરી હવે નવમું સત્ર તારીખ 9,10 અને 11 સપ્ટેમ્બરે કુલ ત્રણ દિવસ માટે મળશે. આ સત્રમાં સરકારી કામકાજ, સરકારી વિધેયકો , છેલ્લા દિવસનો પ્રસ્તાવ તેમજ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસારની કામગીરી હાથ ધરવામાં આવશે.

# NCC CADETS

રાજ્યની ખાનગી શાળા-કૉલેજોના NCC કૅડેટ્સને પણ હવે કૅમ્પ ભથ્થાં મળશે. રાજ્ય સરકારના આ નિર્ણય અનુસાર હવે ખાનગી NCC કૅડેટ્સનો રાષ્ટ્રીય કૅમ્પનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. જેનાથી આર્થિક ભારણ દૂર થતાં ખાનગી શાળા-કૉલેજના પ્રતિભાશાળી કૅડેટ્સ માટે રાષ્ટ્રીય કક્ષાએ આગળ વધવાનો માર્ગ વધુ સરળ બનશે.

ઉલ્લેખનીય છે અત્યાર સુધી ખાનગી શાળા-કૉલેજોના NCC કૅડેટ્સને કોઈ રાષ્ટ્રીય કૅમ્પ ભથ્થા મળતાં ન હતા.

# ANAJ VITRAN

રાજ્યભરના 250 ગોડાઉન દ્વારા અંદાજે 17 હજાર વ્યાજબી ભાવની દુકાનો સુધીઅદ્યતન પ્રણાલીથી  અનાજ વિતરણ  કરવામાં આવી રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે   GPS  Technology અને અંદાજે 7 હજાર CCTV કેમેરા દ્વારા અનાજ વિતરણનું સચોટ-સતત મોનિટરિંગ કરવામાં આવે છે. ઉપરાંત વડી કચેરી ખાતે   ‘કમાન્ડ-એન્ડ-કંટ્રોલ સેન્ટર’ થી તમામ શંકાસ્પદ ગતિવિધિઓ સતત પર નજર રખાય છે. વધુમાં પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ-   PDS પોર્ટલ મારફતે ગોડાઉનમાં જથ્થાની લાઈવ માહિતી અને દૈનિક   ,સાપ્તાહિક તથા માસિક ડેશબોર્ડ રિપોર્ટ્સ ઉપલબ્ધ બને છે.

# VLS AGRI SURVEY

વલસાડમાં ગત જુલાઈમાં આવેલા પૂર બાદ ખેતીવાડી વિભાગ દ્વારા કરાયેલા પાક નુકસાનની મોજણી એટલે કે , સરવે પૂર્ણ થયો. તેમાં કુલ પાંચ હજારથી વધુ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું હોવાનું જણાયું છે. આ સાથે જ ખેડૂતોને વળતર ચૂકવવા માટે અંદાજે 10 કરોડ રૂપિયાના સહાય પૅકેજની માગ કરતો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરાયો હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારી અરુણ ગરાસિયાએ જણાવ્યું.

**(BYTE: ARUN GARASIYA,**

**DISTRICT AGRICULTURE OFFICER)**

*વલસાડ જિલ્લામાં ખેતીવાડી, બાગાયત અને તમામ સ્ટાફ મળીને 94 જેટલી ટીમો બનાવવામાં આવેલ હતી. અને નુકસાનની વાત કરીએ તો કુલ 5,300 એકર જેટલું નુકસાન જોવા મળેલ હતું. આ સર્વે પૂર્ણ થઈ ગયો છે અને એ આંકડો જે રિપોર્ટ છે ગુજરાત સરકારમાં ખેતીવાડી વિભાગમાં આપણે મોકલી દીધો છે. હવે ત્યાંથી આપણને નિર્ણય આવે એ પ્રમાણે આપણે એમનો ખેડૂતોને લાભ આપીશું.*

# BHAVNAGAR TRAGEDY UPDATE

ભાવનગર બનાવટી માદક દ્રવ્ય મામલે હવે પોલીસ કર્મચારીની ધરપકડ કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કરવામાં આવેલી આકરી કાર્યવાહી અંતર્ગત ભાવનગર ગ્રામ્ય ડિવિઝનના ASP ઘનશ્યામ ગૌતમની કચેરીમાંથી પોલીસ કર્મચારી રાજદીપસિંહ ગોહિલને ઝડપી લેવાયા છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ 38 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# JMR FOOD RAID

જામનગરમાં મહાનગરપાલિકાના ખાદ્ય વિભાગ દ્વારા હૉટેલ , રેસ્ટોરાં, ફાસ્ટફૂડ તથા અન્ય એકમમાં સઘન તપાસ હાથ ધરાઈ. દરમિયાન 353 કિલો વાસી ખાદ્ય જથ્થો, બિનઆરોગ્યપ્રદ હાલતમાં જણાતા, છેલ્લી તારીખ વીતી ગઈ હોય તેવા ચાર તેમજ 147 કિલો પેકેટમાં રખાયેલી વસ્તુઓનો નાશ કરાયો. સાથે જ 136 જેટલા લેવાયેલા નમૂનામાંથી નવ નમૂના પરીક્ષણ માટે વડોદરા મોકલાયા છે. ઉપરોક્ત તપાસ દરમિયાન 14 ખાદ્ય નમૂના લેવાયા હતા, જેમાં બિનઆરોગ્યપ્રદ પેકેટ તથા વાસી ખોરાકના 14 પેકેટનો નિકાલ કરી 22 હજાર 400 રૂપિયાનો દંડ વસૂલ કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.